જા..નં. ક-૪/પ્લાન/૨૦૨૬/ ૧૯૩૨
જિલ્લાશિક્ષણાધિકારીની કચેરી,
કારેલીબાગ, વડોદરા
તા. ૨૨/૦૭/૨૦૨૬

૨/- જાણ તથા અમલવારી કરવા સારૂં.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (તમામ),
જી.વડોદરા

<u>નકલ રવાના (જાણ તથા અમલવારી કરવા સારૂં.)</u>

- શિ.નિ.શ્રી/ મ.શિ.નિશ્રી (તમામ), જી.વડોદરા

નમો લક્ષ્મી યોજના તથા નમો
સરસ્વતી વિજ્ઞાન સાધના
યોજના અંતર્ગત નવા પોર્ટલના
લોન્ચિંગ તથા કામગીરી અંગે.

કમિશનર શાળાઓની કચેરી.
પરિપત્ર ક્રમાંક: ધ/માધ્યમિક/યોજના-૧/૨૦૨૬/4879
બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
સેક્ટર-૧૯, ગાંધીનગર.
તા. ૧૮/૦૭/૨૦૨૬

વંચાણે લીધા:-

૧. શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: ED/CEF/e-file/3/2023/5297/CHH,
તા. ૧૨/૦૩/૨૦૨૪

૨. શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: ED/MIS/e-file/3/2023/5073/CHH,
તા. ૧૨/૦૩/૨૦૨૪

જિ. શિ. ... વડોદરા.
પત્રની ... 3227
... 22/7/26
સહી ...
કચેરીની સહી ......................

પરિપત્ર:

વંચાણે લીધેલ-૧ના ઠરાવથી રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ. ૨૦૨૪-૨૫થી નમો લક્ષ્મી યોજના અમલમાં મુકવામાં આવેલ છે. અને વંચાણે લીધેલ-૨ થી નમો સરસ્વતી યોજના વર્ષ. ૨૦૨૪-૨૫ થી અમલમાં મૂકવામાં આવેલ છે.

રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી **નમો લક્ષ્મી યોજના** તથા **નમો સરસ્વતી વિજ્ઞાન સાધના** યોજનાના અસરકારક અને સુચારૂ અમલીકરણ માટે ટૂંક સમયમાં **નવું ઓનલાઈન પોર્ટલ લોન્ચ કરવામાં આવનાર છે.**

આ નવા પોર્ટલ પર યોજનાઓ અંતર્ગત વિદ્યાર્થીઓની માહિતી CTS પોર્ટલ પરથી ઓટોફેચ કરવાની રહેશે અને વિદ્યાર્થીના અન્ય જરૂરી આધારો આ નવા પોર્ટલ પર અપલોડ કરવાની કામગીરી શાળા કક્ષાએથી કરવાની રહેશે. શાળા દ્વારા કરવામાં આવેલ વિદ્યાર્થીઓની નોંધણીનું વેરિફિકેશન તથા એપ્રુવલ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી કક્ષાએથી કરવામાં આવશે.

નવું પોર્ટલ કાર્યરત થયા બાદ બંને યોજનાઓ સંબંધિત તમામ કામગીરી માત્ર નવા પોર્ટલ પર જ કરવાની રહેશે. હાલ ઉપયોગમાં રહેલું જૂનું પોર્ટલ બંધ કરવામાં આવનાર હોવાથી તે પોર્ટલ પર કોઈપણ પ્રકારની નવી કામગીરી કરવાની રહેશે નહીં.

નવા પોર્ટલના ઉપયોગ અંગેની માર્ગદર્શિકા (Guidelines), User Manual તથા જરૂરી ટેક્નિકલ સૂચનાઓ અલગથી ઉપલબ્ધ કરાવવામાં આવશે. સંબંધિત તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ તથા તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓએ તે મુજબની કાર્યવાહી સુનિશ્ચિત કરવાની રહેશે. આ પરિપત્રની સૂચનાઓનું સંબંધિત તમામ અધિકારીશ્રીઓ અને શાળાઓએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

વધુમાં, નમો લક્ષ્મી યોજના અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાની SOP આ સાથે સામેલ છે. જે ધ્યાને લઈ યોજનાઓની સંબંધિત તમામ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા અંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા તેમના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં જાણ કરવાની રહેશે.

નોંધ પર મળેલ માનનીય કમિશનરશ્રીના આદેશાનુસાર.

| | |
|---|---|
| સંયુક્ત નિયામક | સંયુક્ત નિયામક |
| માધ્યમિક | ૧૦+૨ |
| ગુ.રા., ગાંધીનગર | ગુ.રા., ગાંધીનગર |

બિડાણ:- ૧. નમો લક્ષ્મી યોજનાની SOP

૨. નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાની SOP

**<u>પ્રતિ,</u>**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

**નકલ સવિનય રવાના:-**

- અગ્રસચિવશ્રી(પ્રા. અને માધ્ય. શિક્ષણ)ના સહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી(શાળાઓ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, કમિશનર શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર

**કમિશનર, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

# નમો લક્ષ્મી યોજના (SOP)

## 1. યોજના વિશે (About Scheme)

કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં વિદ્યાર્થિનીઓના ડ્રોપ-આઉટ દરમાં ઘટાડો કરવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા "**નમો લક્ષ્મી યોજના**" અમલમાં મૂકવામાં આવેલ છે.

### લાભાર્થીની પાત્રતા (A):

રાજ્યની **ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB)** અને **કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE)** દ્વારા માન્યતા પ્રાપ્ત શાળાઓમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને આ સહાય મળવાપાત્ર રહેશે.

### લાભાર્થીની પાત્રતા (B):

રાજ્યની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB) અને કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) દ્વારા માન્યતા પ્રાપ્ત શાળાઓમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને નીચે મુજબની પાત્રતાને આધીન આ સહાય મળવાપાત્ર રહેશે:

(a) રાજ્યની **સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળામાં ધોરણ-8** નો અભ્યાસ પૂર્ણ કરી ધોરણ 9 માં પ્રવેશ મેળવેલ હોય, અથવા

(b) રાજ્યની **માન્ય ખાનગી પ્રાથમિક શાળામાં RTE અંતર્ગત** પ્રવેશ મેળવી **ધોરણ 1 થી 8 નો સળંગ અભ્યાસ** પૂર્ણ કરી ધોરણ 9 માં પ્રવેશ મેળવેલ હોય, અથવા

(c) ઉપર (a) અને (b) સિવાયની જે વિદ્યાર્થિનીઓએ ધોરણ-8 પૂર્ણ કર્યા બાદ ધોરણ 9 માં પ્રવેશ મેળવેલ હોય અને જેઓના કુટુંબની **વાર્ષિક આવક રૂ. 6 લાખ** કે તેથી ઓછી હોય.

## 2. યોજનાની વિગતો (લાભ) — Scheme Details (Benefit)

આ યોજના હેઠળ ધોરણ 9 થી 12 નો અભ્યાસ પૂર્ણ કર્યેથી પાત્રતા ધરાવનાર દરેક વિદ્યાર્થિનીને કુલ રૂ. 50,000/- સુધીની સહાય નીચે મુજબ મળવાપાત્ર રહેશે:

| તબક્કો | માસિક હપ્તો | બંને વર્ષના હપ્તાની કુલ રકમ | બોર્ડ પરીક્ષા પાસ કર્યેથી |
|---|---|---|---|
| ધોરણ 9 અને 10 (કુલ રૂ. 20,000/-) | રૂ. 500/- પ્રતિ માસ (10 માસ), વાર્ષિક રૂ. 5,000/- | બંને વર્ષ મળી કુલ રૂ. 10,000/- | ધોરણ 10 ની બોર્ડ પરીક્ષા પાસ કર્યેથી રૂ. 10,000/- |
| ધોરણ 11 અને 12 (કુલ રૂ. 30,000/-) | રૂ. 750/- પ્રતિ માસ (10 માસ), વાર્ષિક રૂ. 7,500/- | બંને વર્ષ મળી કુલ રૂ. 15,000/- | ધોરણ 12 ની બોર્ડ પરીક્ષા પાસ કર્યેથી રૂ. 15,000/- |

**વિદ્યાર્થિનીને સરકારની અન્ય કોઇ યોજના હેઠળ સ્કોલરશિપનો લાભ મળતો હોય તો પણ આ યોજનાનો લાભ વધારાના લાભ તરીકે મળવાપાત્ર રહેશે.**

## 3. યોજનાની સમયરેખા (Scheme Timeline)

સહાયની રકમની ચુકવણીની પ્રક્રિયા માટે **કમિશનર, શાળાઓની કચેરી દ્વારા એક અલગ "નમો લક્ષ્મી" પોર્ટલ કાર્યરત કરવામાં આવેલ છે.** શૈક્ષણિક વર્ષ શરૂ થયેથી રાજ્યની શાળાઓએ તેઓની શાળામાં ધોરણ 9 થી 12 માં દાખલ થયેલ વિદ્યાર્થિનીઓની નોંધણી વિદ્યા સમીક્ષા કેન્દ્ર અંતર્ગત CTS પોર્ટલમાં કરવાની રહેશે.

| મુખ્ય તારીખ (Key Date) | વિગત |
|---|---|
| જુલાઇ | પોર્ટલમાં ડેટા એન્ટ્રી (વિદ્યાર્થિનીઓનું રજીસ્ટ્રેશન) શરૂ થવાની તારીખ (Data Entry in Portal Start). |
| દર વર્ષે 31 ઓગસ્ટ | પોર્ટલમાં ડેટા એન્ટ્રી પૂર્ણ કરવાની અંતિમ તારીખ (Data Entry Completion Date). |
| સમગ્ર વર્ષ દરમિયાન | જુલાઇ થી માર્ચ સુધી ONLINE ATTENDANCE SYSTEM માં હાજરી નોંધણી અને તેના આધારે માસિક હપ્તાની ચુકવણી. |
| બોર્ડ પરીક્ષા બેઠક નંબર પ્રસિદ્ધ થયે | ધોરણ 10 અને 12 ની વિદ્યાર્થિનીઓ માટે બોર્ડ પરીક્ષાના બેઠક નંબરની **(SID)** નમો લક્ષ્મી પોર્ટલમાંમાં શાળા દ્વારા એન્ટ્રી કરવી. |
| પરિણામ જાહેર થયા બાદ | બોર્ડ પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થિનીઓને અંતિમ પ્રોત્સાહનની રકમ (ધો. 10: રૂ. 10,000/-, ધો. 12: રૂ. 15,000/-) ચૂકવવામાં આવશે. |

**એપ્રુવલ કામગીરી: ઉપર જણાવેલ પાત્રતા (B) ના મુદ્દા (c) મુજબની — એટલે કે સ્વ-નિર્ભર (સેલ્ફ ફાઇનાન્સ) પ્રાથમિક શાળામાં ધોરણ-8 નો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ધોરણ 9 માં પ્રવેશ મેળવેલ અને જેઓના કુટુંબની વાર્ષિક આવક રૂ. 6 લાખ કે તેથી ઓછી હોય તેવી — વિદ્યાર્થિનીઓના જ ફોર્મ એપ્રુવલ/વેરિફિકેશન માટે મોકલવામાં આવશે.**

## 4. અમલીકરણ પ્રક્રિયા (Standard Operating Procedure)

### (A) વાલી/વિદ્યાર્થિની દ્વારા કરવાની કામગીરી

4.1.1. વિદ્યાર્થિનીનું અને તેના માતાનું આધારકાર્ડ રજૂ અને LC(લીવીંગ સર્ટીફીકેટ)/Birth certificate(જન્મ પ્રમાણપત્ર) /Ration Card (રેશન કાર્ડ) રજુ કરવું ફરજિયાત છે તથા સરકારશ્રીના આદેશ મુજબ ભવિષ્યમાં વખતોવખત રજૂ કરવાનું કહેવામાં આવતા જરૂરી આધારો રજુ કરવાના રહેશે.

4.1.2. જે વિદ્યાર્થિનીના માતાના છૂટાછેડા/કોર્ટકેસ/મંદબુધ્ધિ/અવસાન પામેલ હોય તેવા માતાની વિગત ઉપલબ્ધ નહી થઇ શકે તેવા તમામ કિસ્સામાં માત્ર વિદ્યાર્થિનીનું જ આધારકાર્ડ રજૂ કરવાનું રહેશે.

4.1.3. આ યોજનાના ઠરાવની જોગવાઇ મુજબ વિદ્યાર્થિનીના માતાના ખાતામાં સહાય આપવાની જોગવાઇ થયેલ છે, તે મુજબ માતાના આધારકાર્ડ સંબંધિત વિગત રજૂ કરવાના રહેશે અને સહાય માતાના આધારકાર્ડ સાથે લીંક બેંક એકાઉન્ટમાં જમાં કરવામાં આવશે.

4.1.4. જે વિદ્યાર્થિનીના માતાના છૂટાછેડા/કોર્ટકેસ/મંદબુધ્ધિ/અવસાન પામેલ હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થિનીના આધારકાર્ડ સંબંધિત વિગતો રજૂ કરવાની રહેશે અને સહાય વિદ્યાર્થિનીના આધારકાર્ડ સાથે લીંક બેંક એકાઉન્ટમાં જમાં કરવામાં આવશે

4.1.5. આધારકાર્ડ સંબંધિત વિગતો ખોટી રજૂ કરેલ હોય અથવા ભૂલભરેલી રજૂ કરેલી હોય અને ચૂકવણું ન થાય અથવા તો અન્ય ખાતામાં સહાયની રકમ જમા થાય, તો તેની જવાબદારી ખોટી વિગતો રજૂ કરનાર વિદ્યાર્થિનીના વાલીની / ખોટી વિગતો અપલોડ કરનાર અને તેને એપ્રુવ કરનારની રહેશે તેમજ ચુકવણી માટે રજુ કરવામાં આવેલ આધારકાર્ડ સાથે કોઇ બેંક એકાઉન્ટ લીંક હોવું જરૂરી છે તેની જવાબદારી વિદ્યાર્થિનીના વાલીની રહેશે.

4.1.6. વિદ્યાર્થિની ધોરણ ૯થી ૧૨ દરમિયાન કોઇપણ શૈક્ષણિક વર્ષમાં યોજનાનો લાભ લેવાનો સ્વૈચ્છિક ઇનકાર કરી તે અંગે બાંહેધરી આપે, તો તે શૈક્ષણિક વર્ષ માટે તેને યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે નહીં. જોકે, ત્યારબાદના ધોરણમાં તે યોજનાનો લાભ લેવા ઇચ્છે અને યોજનાની પાત્રતાની તમામ શરતો પૂર્ણ કરતી હોય, તો પોતાની શાળા મારફતે નિયત ફોર્મ ભરીને સંબંધિત શૈક્ષણિક વર્ષનો લાભ મેળવી શકશે. પરંતુ જે શૈક્ષણિક વર્ષ માટે તેણે અગાઉ યોજનાનો લાભ સ્વૈચ્છિક રીતે જતો કર્યો હોય, તે વર્ષનો લાભ પાછલી અસરથી (Retrospectively) મેળવવા માટે તે કોઇ હક કે દાવો કરી શકશે નહીં.

4.1.7. વાલી દ્વારા યોજનાનો સ્વૈચ્છિક લાભ લેવાની ના પાડવામાં આવેલ હોય તે કિસ્સામાં નિશ્ચિત નમૂનાના પ્રમાણપત્ર પર વાલી અને બાળકે સહી કરવાની રહેશે, જે શાળા દ્વારા આચાર્યના સહી-સિક્કા સાથે પોર્ટલ પર અપલોડ કરવામાં આવશે.

### (B) શાળા/શિક્ષક દ્વારા કરવાની થતી કામગીરી

4.2.1. શાળા કક્ષાએ વિદ્યાર્થિનીઓનું રજીસ્ટ્રેશન CTS (ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ) માં લોગીન કરીને કરવાનું રહેશે.

4.2.2. માત્ર શૈક્ષણિક વર્ષ 2024-25માં ધોરણ 9 થી 12 ની તમામ વિદ્યાર્થિનીઓને રજીસ્ટ્રેશન કરાવવામાં આવેલ છે, હવે પછીથી દર વર્ષે ધોરણ 9 થી 12 માં માત્ર નવા પ્રવેશ પામેલ અને ઠરાવની જોગવાઇ પૂર્ણ કરતી વિદ્યાર્થિનીઓને જ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે, એટલે કે એક વખત રજીસ્ટ્રેશન કરેલ વિદ્યાર્થિનીઓનું ફરીથી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે નહીં.

4.2.3. જે વિદ્યાર્થિનીનું કોઇપણ કારણસર ધોરણ-૯માં યોજનામાં રજીસ્ટ્રેશન થયેલ ન હોય અથવા કરવામાં આવેલ ન હોય, અથવા જેના વાલીએ યોજનાનો લાભ લેવાનો સ્વૈચ્છિક ઇનકાર કર્યો હોય, તેવી વિદ્યાર્થિની ધોરણ-૧૦માં યોજનાનો લાભ લેવા ઇચ્છે અને યોજનાની પાત્રતાની શરતો પૂર્ણ કરતી હોય, તો તે ધોરણ-૧૦માં રજીસ્ટ્રેશન કરાવી તે શૈક્ષણિક વર્ષથી યોજનાનો લાભ મેળવી શકશે.આ જ જોગવાઇ ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ માટે પણ લાગુ પડશે. પરંતુ જે શૈક્ષણિક વર્ષોમાં વિદ્યાર્થિનીનું રજીસ્ટ્રેશન થયેલ ન હોય અથવા વાલીએ સ્વૈચ્છિક રીતે લાભ લેવાનો ઇનકાર કર્યો હોય, તે અગાઉના વર્ષોના લાભ માટે પાછલી અસરથી (Retrospectively) કોઇ હક કે દાવો કરી શકશે નહીં.

4.2.4. શાળા કક્ષાએ વિદ્યાર્થિનીઓનું રજીસ્ટ્રેશન CTS પોર્ટલમાં તેમના શાળાના LOGIN-ID થી કરવાનું રહેશે.

4.2.5. વર્ગશિક્ષકે રજીસ્ટ્રેશન કરતી વખતે વિદ્યાર્થિનીની તમામ માહિતી ચકાસવી ફરજિયાત છે અને તેમાં જો કોઇ ક્ષતિ જણાય તો તમામ પ્રકારના સુધારાઓ CTSમાં કરી, તે સુધારાઓ નમો લક્ષ્મી પોર્ટલમાં પણ થઇ ગયેલ છે તે સુનિશ્ચિત કર્યા બાદ જ રજીસ્ટ્રેશન કામગીરી કરવાની રહેશે.

4.2.6. વેરીફાયર દ્વારા ક્વેરી કરેલ ફોર્મ શિક્ષકના લોગીનમાં પરત જશે, જેમાં શિક્ષક દ્વારા જરૂરી સુધારો કરી ફોર્મ ફરીથી સબમિટ કરવાનું રહેશે.

4.2.7. જુલાઇથી માર્ચ સુધીની દર માસની 80% હાજરીની ખરાઇ નમો પેમેન્ટ પોર્ટલ ઉપર ONLINE ATTENDANCE SYSTEM ના માધ્યમથી જ કરવામાં આવશે, જેથી શાળાએ વિદ્યાર્થિનીઓની હાજરી ફરજિયાત ONLINE ATTENDANCE SYSTEM માં જ ભરવાની રહેશે અને તે હાજરી જ ધ્યાને લેવાની રહેશે.

4.2.8. ONLINE ATTENDANCE SYSTEM માં વિદ્યાર્થિનીની માસિક હાજરી 80% કે તેથી વધુ હશે તો તે વિદ્યાર્થિનીને Auto-Approve (તે માસના હપ્તાની ચુકવણી માટે પાત્ર) ગણવામાં આવશે. તેમજ 80% થી ઓછી હાજરી ધરાવતી વિદ્યાર્થિનીને Auto-Reject ગણવામાં આવશે. પાછળથી હાજરીમાં કોઇ મેન્યુઅલ સુધારો થઇ શકશે નહીં.

4.2.9. આ યોજનાના ઠરાવની જોગવાઇ મુજબ ધોરણ 10 અને ધોરણ 12 ની વિદ્યાર્થિનીઓએ બોર્ડ પરીક્ષા પાસ કર્યેથી અનુક્રમે રૂ. 10,000/- અને રૂ. 15,000/- ચૂકવવાનો ઠરાવ છે. તે અનુસંધાને આવી વિદ્યાર્થિનીઓને સહાય આપવા માટે બોર્ડની પરીક્ષાના બેઠક નંબર પ્રસિદ્ધ થયે તરત જ નમો લક્ષ્મી સોફ્ટવેરમાં તે બાબતની એન્ટ્રી કરવાની જવાબદારી શાળાની રહેશે. ગુજરાત બોર્ડ સિવાય અન્ય બોર્ડના કિસ્સામાં કુલ માર્કસ, મેળવેલ માર્કસ અને રીઝલ્ટ અપલોડ કરવાનું રહેશે.

4.2.10. વિધાર્થિનીનું મૃત્યુ થાય અથવા તો રાજ્ય બહાર જાય અથવા તો નાપાસ થાય તેવા કિસ્સામાં આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે નહીં, અને તે બાબતની CTS માં જરૂરી તમામ વિગતો અધતન કરવાની જવાબદારી જે તે શાળાની રહેશે.

4.2.11. શાળાએ હાજરી સંબંધિત કોઇ વિસંગતતા કે કોઇ મુશ્કેલી જણાય તો પોતાના જિલ્લાની DEO કચેરીનો સંપર્ક કરવો.

4.2.12. શાળા, શિક્ષક/પ્રિન્સિપાલે વિધાર્થિનીની વિગતની ડેટા-એન્ટ્રી કરતી વખતે ઉપલબ્ધ અધતન PPT (માર્ગદર્શિકા) નો અભ્યાસ કરવો, ત્યારબાદ જ કામગીરી શરૂ કરવી.

4.2.13. નમો લક્ષ્મી યોજના અંતર્ગત તમામ વિધાર્થિનીની વિગત CTS ડેટાના આધારે લેવામાં આવે છે, જે ધ્યાને લઇ વિધાર્થિનીઓની DEO ની વિગતમાં દીકરીનું Gender, હાલની શાળાની વિગત ચોકસાઇપૂર્વક અધતન અપડેટેડ હોવી જોઇએ.

4.2.14. CTS વિગતમાં ભૂલ હોવાના કિસ્સામાં બાળકની ડેટા એન્ટ્રી નહીં થઇ શકે / બાકી રહેશે, જેની જવાબદારી શાળા કક્ષાએથી કરવાની રહેશે અને જે બાબતે DEO કચેરીએ તમામ શાળાઓનું ધ્યાન દોરવાનું રહેશે.

4.2.15. વાલી દ્વારા યોજનાનો સ્વૈચ્છિક લાભ લેવાની ના પાડવામાં આવેલ હોય તે કિસ્સામાં શાળા દ્વારા ફરજિયાત નિશ્રિત નમૂનાનું વાલી, બાળકની સહી તેમજ આચાર્યના સહી-સિક્કા સાથેનું પ્રમાણપત્ર પોર્ટલ પર ફરજિયાત અપલોડ કરવાનું રહેશે.

4.2.16. શિક્ષક દ્વારા ઓનલાઇન ફોર્મ ભરતી વખતે ફરજિયાત વાલીનો મોબાઇલ નંબર દાખલ કરવાનો રહેશે, તેમજ એક જ મોબાઇલ નંબર વધુમાં વધુ 3 વખત સિસ્ટમમાં દાખલ કરી શકાશે.

## (C) DEO કચેરી દ્વારા કરવાની થતી કામગીરી

4.3.1. શાળા દ્વારા રજીસ્ટ્રેશન થયા બાદ સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા નિયુક્ત કરેલ વેરીફાયરે તેમના LOGIN-IDમાં આવેલ તમામ વિધાર્થિનીઓની વિગતોની ખરાઇ કરવાની જવાબદારી તેમની રહેશે.

4.3.2. દરેક વેરીફાયરે વિધાર્થિનીઓએ રજૂ કરેલ તમામ વિગતો ખૂબ જ ચીવટપૂર્વક ચકાસ્યા બાદ Approve આપવાનું રહેશે.

4.3.3. વેરીફાયર દ્વારા વિધાર્થિનીની વિગતની ચકાસણી દરમિયાન કોઇ ભૂલ/વિસંગતતા જણાય તો ફોર્મ ક્વેરી કરીને પરત મોકલવાનું રહેશે.

4.3.4. કોઇ વિધાર્થિની પાત્રતા ધરાવતી ન હોય / અન્ય કોઇ કારણોસર લાભ ચૂકવવાપાત્ર ન થતો હોય તે બાબતે કાર્યવાહી કરવાની જવાબદારી જે તે શાળા/ એકઝામિનર/DEO કક્ષાએથી કરવાની રહેશે.

4.3.5. DEO કચેરીને કોઇ મુશ્કેલી જણાય તો કમિશનર શાળાઓની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

4.3.6. DEO કચેરીના માધ્યમથી તમામ શાળાઓને યોજનાના લાભાર્થી બાળકોના બેંક એકાઉન્ટ ફ્રીઝ ન હોવા, આધારકાર્ડ ફરજિયાત હોવું, આધારકાર્ડ એક્ટીવ હોવું, આધારકાર્ડ અને બેંક એકાઉન્ટ સીડિંગ (લિંક) હોવું જરૂરી છે તે બાબતે ધ્યાન દોરવું. ઉપરોક્ત કોઇ વિગત ન હોવાના કિસ્સામાં તે કામગીરી પૂર્ણ કરાવવા ધ્યાન દોરવું તેમજ તે ન હોવાના કિસ્સામાં લાભ ચૂકવી શકાશે નહીં તેમ પણ માહિતગાર કરવા.

4.3.7. બાળક/વાલી દ્વારા અમાન્ય/બિન-અધિકૃત દસ્તાવેજ રજૂ કરીને યોજનાનો લાભ મેળવેલ હશે તો તેવા કિસ્સામાં તેઓ પર નિયમો અનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

4.3.8. રાજ્ય તેમજ જિલ્લા કક્ષાએથી વખતોવખત લાભાર્થી વિધાર્થિનીની શાળામાં સરપ્રાઇઝ મુલાકાત લઇ આપેલ વિગતો ચકાસવામાં આવી શકે છે.

4.3.9. રાજ્યની ધોરણ-8 માં સરકારી/ગ્રાન્ટેડ શાળામાં અભ્યાસ કરેલ તમામ વિદ્યાર્થિનીઓ યોજના માટે સીધી પાત્રતા ધરાવે છે. આ તમામ વિદ્યાર્થિનીઓનું ફોર્મ ફરજિયાત ભરાઇ જાય તે બાબતે DEO કચેરી મારફત શાળા પાસેથી સુનિશ્ચિત કરવાનું રહેશે.

## (D) સામાન્ય સૂચનાઓ (Other General Instructions)

4.4.1. રજીસ્ટ્રેશન માટેની સામાન્ય સૂચનાઓ અને જરૂરી દસ્તાવેજો:-

4.4.1.1. ગુજરાત માધ્યમિક અને ઉ.મા.શિ. બોર્ડ અને CBSE બોર્ડ સાથે સંલગ્ન ગુજરાત રાજ્યની માધ્યમિક અને ઉ.મા. શાળામાં જે વિદ્યાર્થિની અભ્યાસ કરતી હશે તેને જ આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

4.4.1.2. જે વિદ્યાર્થિની ધોરણ 8 માં સરકારી કે અનુદાનિત પ્રાથમિક શાળામાં અભ્યાસ કરેલ હોય તો તેવી વિદ્યાર્થિનીને આવકના પ્રમાણપત્રની જરૂર રહેતી નથી; પરંતુ જે સ્વ-નિર્ભર પ્રાથમિક શાળામાં ધોરણ 8 નો અભ્યાસ કરેલ હોય તો તે વિદ્યાર્થિનીના કુટુંબની વાર્ષિક આવક રૂ. 6.00 લાખની મર્યાદામાં આવકનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

4.4.1.3. આવકનો દાખલો સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ હોય તો તે માન્ય ગણવાનો રહેશે.

4.4.1.4. જે વિદ્યાર્થિનીના પિતા હયાત ના હોય તો તેની માતાની આવકનું પ્રમાણપત્ર માન્ય ગણવાનું રહેશે અને જો માતા અને પિતા બંને હયાત ન હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થિનીના પાલક (ગાર્ડિયન)નું આવકનું પ્રમાણપત્ર માન્ય ગણવાનું રહેશે.

4.4.1.5. જે વિદ્યાર્થિનીના માતા અને પિતાના છૂટાછેડા થયેલ હોય અથવા વિદ્યાર્થિની માતા અને પિતા સાથે ના રહેતા હોય તેવા કિસ્સામાં પણ વિદ્યાર્થિનીના પાલકનું આવકનું પ્રમાણપત્ર માન્ય ગણવાનું રહેશે.

4.4.1.6. જે વિદ્યાર્થિની અનાથ આશ્રમમાં રહેતી હોય તો તેવા કિસ્સામાં આવકના પ્રમાણપત્રની જરૂરિયાત રહેતી નથી, પરંતુ અનાથ આશ્રમમાં અભ્યાસ કરી રહ્યા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

4.4.2. સહાયની ચુકવણીની પ્રક્રિયા DBT ના માધ્યમથી કરવામાં આવશે.

4.4.3. આ યોજનાના ઠરાવની જોગવાઇ મુજબ જે તે વર્ષની જૂન માસની સહાય આપતી વખતે 80% હાજરી ધ્યાને લેવામાં આવતી નથી.

4.4.4. કોઇ ધોરણમાં વિદ્યાર્થિનીને હમો મળી ગયેલ હોય અને કોઇ વિદ્યાર્થિની કોઇ કારણોસર તે જ ધોરણમાં ફરીથી પ્રવેશ મેળવે, તો તે વર્ષે તે ધોરણ માટે તેને ફરીથી લાભ આપી શકાશે નહીં.

# કમિશનર, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
# નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના (SOP)

## 1. યોજના વિશે (About Scheme)

વિજ્ઞાનપ્રવાહના અભ્યાસની અગત્યતાને ધ્યાને રાખીને વધુમાં વધુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ મેળવી ધોરણ-12 સુધીનો અભ્યાસ પૂર્ણ કરે તે માટે આવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા "નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના" અમલમાં મૂકવામાં આવેલ છે.

### લાભાર્થીની પાત્રતા (A):

જે વિદ્યાર્થીઓ ધોરણ-10 ની બોર્ડ પરીક્ષામાં 50% કે તેથી વધુ ગુણ મેળવી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB) અથવા કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) ની માન્યતા પ્રાપ્ત રાજ્યની સરકારી, અનુદાનિત અને સ્વ-નિર્ભર શાળાઓમાં ઉચ્ચતર માધ્યમિકમાં વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ મેળવે તેવા વિદ્યાર્થીઓને આ સહાય મળવાપાત્ર રહેશે.

### લાભાર્થીની પાત્રતા (B):

જે વિદ્યાર્થીઓ ધોરણ-10 ની બોર્ડ પરીક્ષામાં 50% કે તેથી વધુ ગુણ મેળવી GSHSEB અથવા CBSE ની માન્યતા પ્રાપ્ત રાજ્યની સરકારી, અનુદાનિત અને સ્વ-નિર્ભર શાળાઓમાં ઉચ્ચતર માધ્યમિકમાં વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ મેળવે તેવા નીચે મુજબની પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને આ સહાય મળવાપાત્ર રહેશે:

(a) રાજ્યની સરકારી અથવા અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ધોરણ-9 અને 10 માં અભ્યાસ કર્યો હોય તેવા તમામ વિદ્યાર્થીઓ, અથવા

(b) માન્ય સ્વ-નિર્ભર માધ્યમિક શાળાઓમાં ધોરણ-9 અને 10 પૈકી બંને કે કોઇ એક ધોરણનો અભ્યાસ કર્યો હોય અને જેઓના કુટુંબની વાર્ષિક આવક રૂ. 6 લાખ કે તેથી ઓછી હોય તેવા વિદ્યાર્થીઓ.

## 2. યોજનાની વિગતો (લાભ) — Scheme Details (Benefit)

આ યોજના હેઠળ ધોરણ 11 અને 12 વિજ્ઞાનપ્રવાહનો અભ્યાસ પૂર્ણ કરનાર પાત્રતા ધરાવનાર દરેક વિદ્યાર્થીને કુલ રૂ. 25,000/- સુધીની સહાય નીચે મુજબ મળવાપાત્ર રહેશે:

| તબક્કો | માસિક હપ્તો | વાર્ષિક રકમ | બોર્ડ પરીક્ષા પાસ કર્યેથી |
|---|---|---|---|
| ધોરણ 11 (કુલ રૂ. 10,000/-) | રૂ. 1,000/- પ્રતિ માસ (10 માસ) | રૂ. 10,000/- | લાગુ પડતું નથી |
| ધોરણ 12 (કુલ રૂ. 15,000/-) | રૂ. 1,000/- પ્રતિ માસ (10 માસ) | રૂ. 10,000/- | ધોરણ 12 ની બોર્ડ પરીક્ષા પાસ કર્યેથી રૂ. 5,000/- |

ધોરણ 11 અને 12 ના મળી કુલ રૂ. 25,000/- સહાય ચૂકવવામાં આવશે, જે પૈકી બંને વર્ષના માસિક હપ્તા મળી કુલ રૂ. 20,000/- અને ધોરણ 12 ની બોર્ડ પરીક્ષા પાસ કર્યેથી બાકીના રૂ. 5,000/- મળવાપાત્ર રહેશે.

શૈક્ષણિક વર્ષ દરમિયાન ધોરણ-11 વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ પૂર્ણ કરી પછીના વર્ષે ધોરણ-12 વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને પણ પાત્રતાના આધારે આ સ્કોલરશિપ ચૂકવવામાં આવશે.

વિદ્યાર્થીને સરકારની અન્ય કોઇ યોજના હેઠળ સ્કોલરશિપનો લાભ મળતો હોય તો પણ આ યોજનાનો લાભ વધારાના લાભ તરીકે મળવાપાત્ર રહેશે.

## 3. યોજનાની સમયરેખા (Scheme Timeline)

સહાયની રકમની ચુકવણીની પ્રક્રિયા માટે કમિશનર, શાળાઓની કચેરી દ્વારા એક અલગ "નમો સરસ્વતી" પોર્ટલ કાર્યરત કરવામાં આવેલ છે. શૈક્ષણિક વર્ષ શરૂ થયેથી રાજ્યની શાળાઓએ તેઓની શાળામાં ધોરણ 11 અને 12 વિજ્ઞાનપ્રવાહમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓની નોંધણી વિદ્યા સમીક્ષા કેન્દ્ર અંતર્ગત CTS પોર્ટલમાં કરવાની રહેશે.

| મુખ્ય તારીખ (Key Date) | વિગત |
|---|---|
| જુલાઇ | પોર્ટલમાં ડેટા એન્ટ્રી (વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન) CTS પોર્ટલ મારફતે શરૂ કરવાની રહેશે. |
| સમગ્ર વર્ષ દરમિયાન | જુલાઇથી માર્ચ સુધી ONLINE ATTENDANCE SYSTEM માં હાજરી નોંધણી અને તેના આધારે માસિક હપ્તાની ચુકવણી. |
| બોર્ડ પરીક્ષા બેઠક નંબર પ્રસિદ્ધ થયે | ધોરણ 12 ની વિદ્યાર્થીઓ માટે બોર્ડ પરીક્ષાના બેઠક નંબરની **(SID)** નમો સરસ્વતી પોર્ટલમાં શાળા દ્વારા એન્ટ્રી કરવી. |
| પરિણામ જાહેર થયા બાદ | ધોરણ 12 ની બોર્ડ પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીઓને અંતિમ પ્રોત્સાહનની રકમ રૂ. 5,000/- ચૂકવવામાં આવશે. |

એપ્રુવલ કામગીરી: ઉપર જણાવેલ પાત્રતા (B) ના મુદ્દા (b) મુજબની — એટલે કે માન્ય સ્વ-નિર્ભર માધ્યમિક શાળામાં ધોરણ-9 અને 10 નો અભ્યાસ કરેલ અને જેઓના કુટુંબની વાર્ષિક આવક રૂ. 6 લાખ કે તેથી ઓછી હોય તેવી — વિદ્યાર્થીઓના જ ફોર્મ એપ્રુવલ/વેરિફિકેશન માટે મોકલવામાં આવશે.

## 4. અમલીકરણ પ્રક્રિયા (Standard Operating Procedure)

### (A) વાલી/વિદ્યાર્થી દ્વારા કરવાની કામગીરી

4.1.1. વિદ્યાર્થીનું અને તેના માતાનું આધારકાર્ડ રજૂ અને LC (લીવીંગ સર્ટીફીકેટ)/Birth Certificate (જન્મ પ્રમાણપત્ર)/Ration Card (રેશન કાર્ડ) રજુ કરવું ફરજિયાત છે તથા સરકારશ્રીના આદેશ મુજબ ભવિષ્યમાં વખતોવખત રજૂ કરવાનું કહેવામાં આવતા જરૂરી આધારો રજુ કરવાના રહેશે.

4.1.2. જે વિદ્યાર્થીના માતાના છૂટાછેડા/કોર્ટકેસ/મંદબુદ્ધિ/અવસાન પામેલ હોય તેવા માતાની વિગત ઉપલબ્ધ નહી થઇ શકે તેવા તમામ કિસ્સામાં માત્ર વિદ્યાર્થીનું જ આધારકાર્ડ રજૂ કરવાનું રહેશે.

4.1.3. આ યોજનાના ઠરાવની જોગવાઇ મુજબ વિદ્યાર્થીના માતાના ખાતામાં સહાય આપવાની જોગવાઇ થયેલ છે, તે મુજબ માતાના આધારકાર્ડ સંબંધિત વિગત રજૂ કરવાના રહેશે અને સહાય માતાના આધારકાર્ડ સાથે લીંક બેંક એકાઉન્ટમાં જમાં કરવામાં આવશે.

4.1.4. જે વિદ્યાર્થીના માતાના છૂટાછેડા/કોર્ટકેસ/મંદબુદ્ધિ/અવસાન પામેલ હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થીના આધારકાર્ડ સંબંધિત વિગતો રજૂ કરવાની રહેશે અને સહાય વિદ્યાર્થીના આધારકાર્ડ સાથે લીંક બેંક એકાઉન્ટમાં જમાં કરવામાં આવશે.

4.1.5. આધારકાર્ડ સંબંધિત વિગતો ખોટી રજૂ કરેલ હોય અથવા ભૂલભરેલી રજૂ કરેલી હોય અને ચૂકવણું ન થાય અથવા તો અન્ય ખાતામાં સહાયની રકમ જમા થાય, તો તેની જવાબદારી ખોટી વિગતો રજૂ કરનાર વિદ્યાર્થીના વાલીની / ખોટી વિગતો અપલોડ કરનાર અને તેને એપ્રુવ કરનારની રહેશે તેમજ ચુકવણી માટે રજુ કરવામાં આવેલ આધારકાર્ડ સાથે કોઇ બેંક એકાઉન્ટ લીંક હોવું જરૂરી છે તેની જવાબદારી વિદ્યાર્થીના વાલીની રહેશે.

4.1.6. વિદ્યાર્થી ધોરણ 11 થી 12 દરમિયાન કોઇપણ શૈક્ષણિક વર્ષમાં યોજનાનો લાભ લેવાનો સ્વૈચ્છિક ઇનકાર કરી તે અંગે બાંહેધરી આપે, તો તે શૈક્ષણિક વર્ષ માટે તેને યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે નહીં. જોકે, ત્યારબાદના ધોરણમાં તે યોજનાનો લાભ લેવા ઇચ્છે અને યોજનાની પાત્રતાની તમામ શરતો પૂર્ણ કરતો હોય, તો પોતાની શાળા મારફતે નિયત

ફોર્મ ભરીને સંબંધિત શૈક્ષણિક વર્ષનો લાભ મેળવી શકશે. પરંતુ જે શૈક્ષણિક વર્ષ માટે તેણે અગાઉ યોજનાનો લાભ સ્વૈચ્છિક રીતે જતો કર્યો હોય, તે વર્ષનો લાભ પાછલી અસરથી (Retrospectively) મેળવવા માટે તે કોઇ હક કે દાવો કરી શકશે નહીં.

4.1.7. વાલી દ્વારા યોજનાનો સ્વૈચ્છિક લાભ લેવાની ના પાડવામાં આવેલ હોય તે કિસ્સામાં નિશ્ચિત નમૂનાના પ્રમાણપત્ર પર વાલી અને વિદ્યાર્થીએ સહી કરવાની રહેશે, જે શાળા દ્વારા આચાર્યના સહી-સિક્કા સાથે પોર્ટલ પર અપલોડ કરવામાં આવશે.

### (B) શાળા/શિક્ષક દ્વારા કરવાની થતી કામગીરી

4.2.1. શાળા કક્ષાએ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન CTS (ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ) માં લોગીન કરીને કરવાનું રહેશે.

4.2.2. માત્ર શૈક્ષણિક વર્ષ 2024-25માં ધોરણ 11 થી 12 વિજ્ઞાનપ્રવાહની તમામ વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેશન કરાવવામાં આવેલ છે, હવે પછીથી દર વર્ષે ધોરણ 11 થી 12 વિજ્ઞાનપ્રવાહમાં માત્ર નવા પ્રવેશ પામેલ અને ઠરાવની જોગવાઇ પૂર્ણ કરતા વિદ્યાર્થીઓને જ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે, એટલે કે એક વખત રજીસ્ટ્રેશન કરેલ વિદ્યાર્થીનું ફરીથી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે નહીં.

4.2.3. જે વિદ્યાર્થીનું કોઇપણ કારણસર ધોરણ-11માં યોજનામાં રજીસ્ટ્રેશન થયેલ ન હોય અથવા કરવામાં આવેલ ન હોય, અથવા જેના વાલીએ યોજનાનો લાભ લેવાનો સ્વૈચ્છિક ઇનકાર કર્યો હોય, તેવો વિદ્યાર્થી ધોરણ-12માં યોજનાનો લાભ લેવા ઇચ્છે અને યોજનાની પાત્રતાની શરતો પૂર્ણ કરતો હોય, તો તે ધોરણ-12માં રજીસ્ટ્રેશન કરાવી તે શૈક્ષણિક વર્ષથી યોજનાનો લાભ મેળવી શકશે. પરંતુ જે શૈક્ષણિક વર્ષોમાં વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન થયેલ ન હોય અથવા વાલીએ સ્વૈચ્છિક રીતે લાભ લેવાનો ઇનકાર કર્યો હોય, તે અગાઉના વર્ષોના લાભ માટે પાછલી અસરથી (Retrospectively) કોઇ હક કે દાવો કરી શકશે નહીં.

4.2.4. શાળા કક્ષાએ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન CTS પોર્ટલમાં તેમના શાળાના LOGIN-ID થી કરવાનું રહેશે.

4.2.5. વર્ગશિક્ષકે રજીસ્ટ્રેશન કરતી વખતે વિદ્યાર્થીની તમામ માહિતી ચકાસવી ફરજિયાત છે અને તેમાં જો કોઇ ક્ષતિ જણાય તો તમામ પ્રકારના સુધારાઓ CTSમાં કરી, તે સુધારાઓ નમો સરસ્વતી પોર્ટલમાં પણ થઇ ગયેલ છે તે સુનિશ્ચિત કર્યા બાદ જ રજીસ્ટ્રેશન કામગીરી કરવાની રહેશે.

4.2.6. વેરીફાયર દ્વારા ક્વેરી કરેલ ફોર્મ શિક્ષકના લોગીનમાં પરત જશે, જેમાં શિક્ષક દ્વારા જરૂરી સુધારો કરી ફોર્મ ફરીથી સબમિટ કરવાનું રહેશે.

4.2.7. જુલાઇથી માર્ચ સુધીની દર માસની 80% હાજરીની ખરાઇ નમો પેમેન્ટ પોર્ટલ ઉપર ONLINE ATTENDANCE SYSTEM ના માધ્યમથી જ કરવામાં આવશે, જેથી શાળાએ વિદ્યાર્થીઓની હાજરી ફરજિયાત ONLINE ATTENDANCE SYSTEM માં જ ભરવાની રહેશે અને તે હાજરી જ ધ્યાને લેવાની રહેશે.

4.2.8. ONLINE ATTENDANCE SYSTEM માં વિદ્યાર્થીની માસિક હાજરી 80% કે તેથી વધુ હશે તો તે વિદ્યાર્થીને Auto-Approve (તે માસના હપ્તાની ચુકવણી માટે પાત્ર) ગણવામાં આવશે. તેમજ 80% થી ઓછી હાજરી ધરાવતા વિદ્યાર્થીને Auto-Reject ગણવામાં આવશે. પાછળથી હાજરીમાં કોઇ મેન્યુઅલ સુધારો થઇ શકશે નહીં.

4.2.9. આ યોજનાના ઠરાવની જોગવાઇ મુજબ ધોરણ 12 વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓએ બોર્ડ પરીક્ષા પાસ કર્યેથી રૂ. 5,000/- ચૂકવવાનો ઠરાવ છે. તે અનુસંધાને આવા વિદ્યાર્થીઓને સહાય આપવા માટે બોર્ડની પરીક્ષાના બેઠક નંબર પ્રસિદ્ધ થયે તરત જ નમો સરસ્વતી પોર્ટલમાં તે બાબતની એન્ટ્રી કરવાની જવાબદારી શાળાની રહેશે. ગુજરાત બોર્ડ સિવાય અન્ય બોર્ડના કિસ્સામાં કુલ માર્કસ, મેળવેલ માર્કસ અને રીઝલ્ટ અપલોડ કરવાનું રહેશે.

4.2.10. વિદ્યાર્થીનું મૃત્યુ થાય અથવા તો રાજ્ય બહાર જાય અથવા તો નાપાસ થાય તેવા કિસ્સામાં આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે નહીં, અને તે બાબતની CTS માં જરૂરી તમામ વિગતો અદ્યતન કરવાની જવાબદારી જે તે શાળાની રહેશે.

4.2.11. શાળાએ હાજરી સંબંધિત કોઇ વિસંગતતા કે કોઇ મુશ્કેલી જણાય તો પોતાના જિલ્લાની DEO કચેરીનો સંપર્ક કરવો.

4.2.12. શાળા, શિક્ષક/પ્રિન્સિપાલે વિદ્યાર્થીની વિગતની ડેટા-એન્ટ્રી કરતી વખતે ઉપલબ્ધ અદ્યતન PPT (માર્ગદર્શિકા) નો અભ્યાસ કરવો, ત્યારબાદ જ કામગીરી શરૂ કરવી.

4.2.13. નમો સરસ્વતી યોજના અંતર્ગત તમામ વિદ્યાર્થીની વિગત CTS ડેટાના આધારે લેવામાં આવે છે, જે ધ્યાને લઇ વિદ્યાર્થીઓની CTS ની વિગતમાં વિદ્યાર્થીની સ્ટ્રીમ (વિજ્ઞાનપ્રવાહ છે કે નહીં), હાલની શાળાની વિગત ચોકસાઇપૂર્વક અદ્યતન અપડેટેડ હોવી જોઇએ.

4.2.14. CTS વિગતમાં ભૂલ હોવાના કિસ્સામાં બાળકની ડેટા એન્ટ્રી નહીં થઇ શકે / બાકી રહેશે, જેની જવાબદારી શાળા કક્ષાએથી કરવાની રહેશે અને જે બાબતે DEO કચેરીએ તમામ શાળાઓનું ધ્યાન દોરવાનું રહેશે.

4.2.15. વાલી દ્વારા યોજનાનો સ્વૈચ્છિક લાભ લેવાની ના પાડવામાં આવેલ હોય તે કિસ્સામાં શાળા દ્વારા ફરજિયાત નિશ્ચિત નમૂનાનું વાલી, વિદ્યાર્થીની સહી તેમજ આચાર્યના સહી-સિક્કા સાથેનું પ્રમાણપત્ર પોર્ટલ પર ફરજિયાત અપલોડ કરવાનું રહેશે.

4.2.16. શિક્ષક દ્વારા ઓનલાઇન ફોર્મ ભરતી વખતે ફરજિયાત વાલીનો મોબાઇલ નંબર દાખલ કરવાનો રહેશે, તેમજ એક જ મોબાઇલ નંબર વધુમાં વધુ 3 વખત સિસ્ટમમાં દાખલ કરી શકાશે.

## (C) DEO કચેરી દ્વારા કરવાની થતી કામગીરી

4.3.1. શાળા દ્વારા રજીસ્ટ્રેશન થયા બાદ સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા નિયુક્ત કરેલ વેરીફાયરે તેમના LOGIN-IDમાં આવેલ તમામ વિદ્યાર્થીઓની વિગતોની ખરાઇ કરવાની જવાબદારી તેમની રહેશે.

4.3.2. દરેક વેરીફાયરે વિદ્યાર્થીઓએ રજૂ કરેલ તમામ વિગતો ખૂબ જ ચીવટપૂર્વક ચકાસ્યા બાદ Approve આપવાનું રહેશે.

4.3.3. વેરીફાયર દ્વારા વિદ્યાર્થીની વિગતની ચકાસણી દરમિયાન કોઇ ભૂલ/વિસંગતતા જણાય તો ફોર્મ ક્વેરી કરીને પરત મોકલવાનું રહેશે.

4.3.4. કોઇ વિદ્યાર્થી પાત્રતા ધરાવતો ન હોય / અન્ય કોઇ કારણોસર લાભ ચૂકવવાપાત્ર ન થતો હોય તે બાબતે કાર્યવાહી કરવાની જવાબદારી જે તે શાળા/ એક્ઝામિનર/DEO કક્ષાએથી કરવાની રહેશે.

4.3.5. DEO કચેરીને કોઇ મુશ્કેલી જણાય તો કમિશનર શાળાઓની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

4.3.6. DEO કચેરીના માધ્યમથી તમામ શાળાઓને યોજનાના લાભાર્થી બાળકોના બેંક એકાઉન્ટ ફ્રીઝ ન હોવા, આધારકાર્ડ ફરજિયાત હોવું, આધારકાર્ડ એક્ટીવ હોવું, આધારકાર્ડ અને બેંક એકાઉન્ટ સીડિંગ (લિંક) હોવું જરૂરી છે તે બાબતે ધ્યાન દોરવું. ઉપરોક્ત કોઇ વિગત ન હોવાના કિસ્સામાં તે કામગીરી પૂર્ણ કરાવવા ધ્યાન દોરવું તેમજ તે ન હોવાના કિસ્સામાં લાભ ચૂકવી શકાશે નહીં તેમ પણ માહિતગાર કરવા.

4.3.7. બાળક/વાલી દ્વારા અમાન્ય/બિન-અધિકૃત દસ્તાવેજ રજૂ કરીને યોજનાનો લાભ મેળવેલ હશે તો તેવા કિસ્સામાં તેઓ પર નિયમો અનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

4.3.8. રાજ્ય તેમજ જિલ્લા કક્ષાએથી વખતોવખત લાભાર્થી વિદ્યાર્થીની શાળામાં સરપ્રાઇઝ મુલાકાત લઇ આપેલ વિગતો ચકાસવામાં આવી શકે છે.

4.3.9. રાજ્યની ધોરણ-9 અને 10 માં સરકારી/અનુદાનિત માધ્યમિક શાળામાં અભ્યાસ કરેલ અને ધોરણ-10 ની બોર્ડ પરીક્ષામાં 50% કે તેથી વધુ ગુણ મેળવી ઉચ્ચતર માધ્યમિકમાં વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીઓ યોજના માટે સીધી પાત્રતા ધરાવે છે. આ તમામ વિદ્યાર્થીઓનું ફોર્મ ફરજિયાત ભરાઇ જાય તે બાબતે DEO કચેરી મારફત શાળા પાસેથી સુનિશ્ચિત કરવાનું રહેશે.

## (D) સામાન્ય સૂચનાઓ (Other General Instructions)

4.4.1. રજીસ્ટ્રેશન માટેની સામાન્ય સૂચનાઓ અને જરૂરી દસ્તાવેજો:-

4.4.1.1. GSHSEB અને CBSE બોર્ડ સાથે સંલગ્ન ગુજરાત રાજ્યની સરકારી, અનુદાનિત અને સ્વ-નિર્ભર શાળાઓમાં ઉચ્ચતર માધ્યમિકમાં વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જ આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

4.4.1.2. જે વિદ્યાર્થીઓએ ધોરણ-10 ની બોર્ડ પરીક્ષામાં 50% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય અને રાજ્યની સરકારી અથવા અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ધોરણ-9 અને ધોરણ-10 માં અભ્યાસ કર્યો હોય તેવા વિદ્યાર્થીઓને આવકના પ્રમાણપત્રની જરૂર રહેતી નથી, પરંતુ માન્ય સ્વ-નિર્ભર માધ્યમિક શાળાઓમાં ધોરણ-9 અને ધોરણ-10 પૈકી બંને કે કોઇ એક ધોરણનો અભ્યાસ કરેલ હોય તો તેવા વિદ્યાર્થીના કુટુંબની વાર્ષિક આવક રૂ. 6.00 લાખની મર્યાદામાં આવકનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

4.4.1.3. આવકનો દાખલો સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ હોય તો તે માન્ય ગણવાનો રહેશે.

4.4.1.4. જે વિદ્યાર્થીના પિતા હયાત ના હોય તો તેની માતાની આવકનું પ્રમાણપત્ર માન્ય ગણવાનું રહેશે અને જો માતા અને પિતા બંને હયાત ન હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થીના પાલક (ગાર્ડિયન)નું આવકનું પ્રમાણપત્ર માન્ય ગણવાનું રહેશે.

4.4.1.5. જે વિદ્યાર્થીના માતા અને પિતાના છૂટાછેડા થયેલ હોય અથવા વિદ્યાર્થી માતા અને પિતા સાથે ના રહેતો હોય તેવા કિસ્સામાં પણ વિદ્યાર્થીના પાલકનું આવકનું પ્રમાણપત્ર માન્ય ગણવાનું રહેશે.

4.4.1.6. જે વિદ્યાર્થી અનાથ આશ્રમમાં રહેતો હોય તો તેવા કિસ્સામાં આવકના પ્રમાણપત્રની જરૂરિયાત રહેતી નથી, પરંતુ અનાથ આશ્રમમાં અભ્યાસ કરી રહ્યા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

4.4.2. સહાયની ચુકવણીની પ્રક્રિયા DBT ના માધ્યમથી કરવામાં આવશે.

4.4.3. આ યોજનાના ઠરાવની જોગવાઇ મુજબ જે તે વર્ષની જૂન માસની સહાય આપતી વખતે 80% હાજરી ધ્યાને લેવામાં આવતી નથી.

4.4.4. કોઇ ધોરણમાં વિદ્યાર્થીને હપ્તો મળી ગયેલ હોય અને કોઇ વિદ્યાર્થી કોઇ કારણોસર તે જ ધોરણમાં ફરીથી પ્રવેશ મેળવે, તો તે વર્ષે તે ધોરણ માટે તેને ફરીથી લાભ આપી શકાશે નહીં.